# કેન્દ્રીય અંદાજપત્ર ૧૦મી જુલાઈએ

## સંસદનું બજેટ સત્ર સાતમી જુલાઈથી ૧૪ ઓગસ્ટ દરમિયાન યોજવા માટેનો સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ બેઠકમાં નિર્ણય



નવી દિલ્હી, તા. ૨૩

જેની ઉત્સુક્તાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે, સંસદનું બજેટ સત્ર સાતમી જુલાઈઆથી શરૂ થનાર છે. નરેન્દ્ર મોદી સરકારનું પ્રથમ સામાન્ય બજેટ ૧૦મી જુલાઈના દિવસે રજૂ કરવામાં આવનાર છે. સંસદ સત્ર ૧૪મી ઓગસ્ટ સુધી ચાલશે. સંસદીય બાબતોના પ્રધાન વૈંકેયા નાયડુની ચેમ્બરમાં આજે અતિમહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બજેટ સત્ર અંગે નિર્ણય લેવાયો હતો. સંસદીય બાબતોને કેબિનેટ સમિતિની બેઠક બાદ નાયડુએ કહ્યું હતું કે, રેલવે બજેટ આઠમી જુલાઈના દિવસે રજૂ કરવામાં આવશે. જ્યારે આર્થિક સર્વે ૯મી જુલાઈના દિવસે રજૂ કરવામાં આવશે. વૈંકેયા નાયડુએ કહ્યું હતું કે આ બેઠકમાં જુદા-જુદા પાસાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. ગૃહપ્રધાન રાજનાથસિંહે સીસીપીએ બેઠકનું નેતૃત્વ કર્યું હતું. આમાં નિર્ણય કરવામાં આવ્યો હતો કે, વટહુકમની જગ્યાએ આવનાર બિલને પણ મહત્વ આપવામાં આવશે. એસસી અને એસટી અત્યાચાર સુધારા વટહુકમ સહિતના વટહુકમની જગ્યાએ નવા બિલ આવી જશે. પ્રાથમિક્તાના આધાર ઉપર વિચારણા માટે આને હાથ ધરવામાં આવશે. રેલવે બજેટને લઈને પણ ભારે સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. આ વટહુકમને જુલાઈના ત્રીજા સપ્તાહમાં બિલમાં ફેરવી નાંખવામાં આવશે. એક મહીના સુધી સત્ર ચાલશે જેમાં કુલ ૨૮ બેઠકો રહેશે. ૩૧મી જુલાઈના દિવસે પૂર્ણ થયેલી અગાઉની સંસદ દ્વારા મંજૂર વોટ ઓન એકાઉન્ટની અવધિ પુરી થઈ હતી. નવુ બજેટ આ તારીખ સુધી આવી જશે. વિરોધપક્ષો રેલવેયાત્રી ભાડામાં અને નુરના દરમાં વધારાના મુદ્દે હોબાળો મચાવે તેવી શક્યતા છે. નાયબ અધ્યક્ષની ચુંટણી પણ બજેટ સત્ર દરમિયાન થશે. કોંગ્રેસ જરૂરી સભ્યોના અભાવ ધરાવે છે. વિરોધ માટે રજૂઆત કરવા વધુ સભ્યો એકત્રિત કરવાના પ્રયાસો પણ થઈ રહ્યા છે.

## ખાંડની કિંમતમાં પ્રતિ કિલો ૩ થી ૪ રૂપિયાનો તીવ્ર વધારો

નવી દિલ્હી, તા. ૨૩

ખાંડની કિંમતો પણ ટૂંકમાં જ વધારી દેવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ખાંડ ઉપરની આયાત ડ્યુટીને વર્તમાન ૧૫ ટકાથી વધારીને ૪૦ ટકા સુધી કરવાનો નિર્ણય સરકારે કરી લીધો છે. આનો મતલબ એ થયો કે, ખાંડની કિંમતમાં ટૂંકમાં જ વધારો થશે. તીવ્ર મોંઘવારી વચ્ચે સામાન્ય અને મધ્યમવર્ગના લોકોને વધુ ફટકો પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. ખાદ્યાન અને નાગરિક પુરવઠા પ્રધાન રામવિલાસ પાસવાને આજે માહિતી આપતા કહ્યું હતું કે, સરકાર રોકડ કટોકટીનો સામનો કરી રહેલી ખાંડ મીલોને વધારાના ૪૪૦૦ કરોડની વ્યાજ મુક્ત લોન આપવા તૈયાર છે. શેરડીના ખેડૂતોને ચુકવણી કરવા માટે ખાંડ મિલોને ૪૪૦૦ કરોડ રૂપિયાની વધારાની વ્યાજ મુક્ત લોન આપવાથી ખાંડ મિલોને પણ રાહત થશે. પાસવાને કહ્યું હતું કે, નિષ્ણાંતોના જણાવ્યા મુજબ આયાત ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યા બાદ ખાંડની કિંમતમાં થોડાક રૂપિયાનો વધારો ચોક્કસપણે થશે પરંતુ આ નિર્ણયથી મોટી રાહત થશે અને ખાંડ મિલોને મુશ્કેલીમાંથી બહાર નિકળવા મદદ મળશે. ઉપરાંત સરકાર આ વર્ષે સપ્ટેમ્બર સુધી ખાંડ નિકાસ સબસિડીને લંબાવશે. પ્રતિ ટન ૩૩૦૦ રૂપિયાની નિકાસ સબસિડીને લંબાવવામાં આવશે. ખાંડની આયાતને રોકવાના હેતુસર ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે. આનાથી સ્થાનિક બજારમાં જે પરેશાની છે તે



દૂર થઈ શકશે. સરકારે ગેસોલીનમાં ઈથોનોલના ફરજીયાત બ્લેન્ડીંગને વધારવાનો પણ નિર્ણય કરાયો છે. ઈથેનોલના ફરજિયાત બ્લેન્ડીંગને પાંચ ટકાથી વધારીને ૧૦ ટકા કરાયો છે. સરકારે ખાંડ કંપનીઓને ખેડૂતોને ૧૧૦૦૦ કરોડ રૂપિયાની બાકી રકમની ચુકવણી કરવાનો આદેશ કર્યો છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે, ખાંડ કંપનીઓને આવી રાહત એ જ વખતે આપવામાં આવશે જ્યારે ખાંડ કંપનીઓ ખેડૂતોને બાકી ૧૧૦૦૦ કરોડ રૂપિયાની ચુકવણી કરવા તૈયાર થશે. સરકારના પગલાથી ખાંડ કંપનીઓને મોટી રાહત થશે.

પરંતુ ખાંડની કિંમતમાં પ્રતિ રૂપિયા ત્રણથી ચારનો વધારો થઈ શકે છે. ખાંડની કિંમતોમાં કિલો દીઠ ત્રણથી ચાર રૂપિયાનો વધારો કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકોમાં આને લઈને પણ જોરદારવિરોધ શરૂ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. હાલમાં જ આર્થિક વિકાસને ઝડપી બનાવવા મોદી સરકારે એક પછી એક કઠોર નિર્ણય લેવાની શરૂઆત કરી દીધી છે. હાલમાં જ રેલવેના યાત્રી ભાડામાં ૧૪ ટકાથી વધુનો વધારો કરવામાં આવ્યો હતો જેના કારણે યાત્રીઓ અને દેશના રાજકીયપક્ષોમાં ભારે નારાજગી છે આ ઉપરાંત લોકોમાં પણ મોદી સરકારની ટિકા થઈ રહી છે.

## સ્વીસ બેંક તરફથી કોઈ માહિતી નથી : જેટલી

### નાણાંમંત્રાલય ભારતીયો અંગે માહિતી મેળવવા સ્વીસ સરકારને પત્ર લખશે : સારા પરિણામ મળવાની આશા

નવી દિલ્હી, તા. ૨૩

યુરોપીયન દેશ પાસેથી માહિતીની આપ-લેની પ્રક્રિયાને વધુ ઝડપી બનાવવાના પ્રયાસરૂપે તમામ પહેલ થઈ રહી છે તેમ જણાવીને નાણાં પ્રધાન અરૂણ જેટલીએ આજે કહ્યું હતું કે, સરકાર સ્વીત્ઝરલેન્ડને પત્ર લખશે અને સ્વીસબેંકમાં કાળા નાણાં ધરાવનાર ભારતીયોની વિગતો માંગશે. તેમણે કહ્યું હતું કે, કાળા નાણાંના સંદર્ભમાં સ્વીત્ઝરલેન્ડ તરફથી હજુ સુધી કોઈ માહિતી મળી શકી નથી. પરંતુ માહિતી મેળવવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા



છે. ટૂંકમાં જ પત્ર લખીને જાણ પણ કરવામાં આવશે. જેટલીએ ઉમેર્યું હતું કે, તેમના મંત્રાલયને સત્તાવાર કોઈપણ સંદેશ મળે તે પહેલા મંત્રાલય દ્વારા તમામ પ્રયાસ થઈ રહ્યા છે. સ્વીસ સત્તાવાળાઓની બાજ નજર હેઠળ રહેલા ચોક્કસ લોકોના નામ અને કંપનીઓના નામ ભારત સાથે વહેંચવામાં આવશે તેવી ટિપ્પણી સ્વીસ સરકાર દ્વારા કરવામાં આવ્યાના એક દિવસ બાદ જેટલીએ આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. પ્રધાને એમપણ કહ્યું હતું કે, આજે અમે પોતે સ્વીસ સત્તાવાળાઓને માહિતી મેળવવાના સંદર્ભમાં પત્ર લખી રહ્યા છીએ. સમગ્ર પ્રક્રિયા વધુ ઝડપી બને તેવા અમારા પ્રયાસ રહેશે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, સ્વીસ સત્તાવાળાઓ અને ભારત સરકાર વચ્ચે સહકાર પરિણામલક્ષી રહેશે. અમે તરત જ કાર્યવાહી કરી રહ્યા છે. સ્વીસ સત્તાવાળાઓ તરફથી હાલમાં જ નિવેદન જારી કરવામાં આવ્યા છે. સ્વીસ સેન્ટ્રલ બેંક એસએનબી દ્વારા હાલમાં જ જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું હતું કે, જુદી-જુદી સ્વીસ બેંકોમાં ૨૦૧૩ દરમિયાન ભારતીયોના નાણાંમાં ૪૩ ટકા સુધીનો વધારો થઈ ગયો છે અને આની સાથે જ આ રકમ વધીને ૧૪૦૦૦ કરોડ થઈ ગઈ છે. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં મળેલી કેબિનેટ બેઠકમાં હાલમાં જ કાળા નાણાંના સંદર્ભમાં ટાસ્કફોર્સની રચના કરાઈ હતી.

## રેલવે યાત્રી ભાડામાં વધારા અંગેનો મામલો હવે કોર્ટમાં

નવી દિલ્હી, તા. ૨૩

રેલવે યાત્રી ભાડામાં વધારાને લઈને દેશભરમાં વિરોધ પ્રદર્શન જારી છે ત્યારે મુંબઈ હાઈકોર્ટમાં પણ એક અરજી દાખલ કરવામાં આવી ચુકી છે. આ અરજી ઉપર આવતીકાલે સુનાવણી હાથ દરવામાં આવનાર છે. ગ્રાહક હિતના એક જૂથ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં જોરદાર દલીલો કરવામાં આવી છે. આ જાહેરહિતની અરજીમાં ઉપનગરીય ટ્રેન યાત્રીઓ માટે સિઝન ટિકિટમાં જંગી વધારો કરવા સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે. સાથે સાથે વચગાળાની તાકીદની રાહત આપવાની માંગ પણ કરવામાં આવી છે. આ પ્રકારના કમરતોડ રેલવે યાત્રી ભાડામાં વધારા સામેના વિરોધમાં અરજી કરવામાં આવ્યા બાદ જોરદાર હોબાળો થયેલો છે. તીવ્ર વધારો વર્તમાન યાત્રી ભાડામાં ૧૮૦ ટકાની આસપાસ છે. પૂર્વ પત્રકાર કેતન તિરોડકર દ્વારા દાખલ કરવામાં આવેલી અન્ય એક અરજીમાં પણ યાત્રી ભાડામાં વધારાને પરત ખેંચવાની માંગ કરવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે, ઉપનગરીય ટ્રેન મુંબઈમાં અને આસપાસના વિસ્તારમાં રહેતા આશરે બે કરોડ લોકો માટે લાઈફલાઈન સમાન છે. ત્રણ લાઈન વેસ્ટર્ન, સેન્ટ્રલ અને હારબર લાઈન ઉપર ૭૦ લાખ લોકો દરરોજ મુસાફરી કરે છે. તિરોડકરે કહ્યું હતું કે, સુધારવામાં આવેલા ભાડા ૨૫મી જૂનથી અમલી બનનાર છે. આના કારણે સેકન્ડ ક્લાસના માસિક સિઝન ખર્ચમાં ૮૫ રૂપિયાનો વધારો થશે. નવા રેટને લઈને ભારે હોબાળો થયો છે. ફર્સ્ટ ક્લાસ માસિક સિઝન પાસમાં પણ ૭૯૫ના બદલે હવે ૧૯૩૦ રૂપિયા થઈ જશે. મુંબઈના મોટાભાગના લોકો લોકલ ટ્રેનમાં મુસાફરી કરે છે. યાત્રી ભાડામાં વધારાનો દેશભરમાં જોરદાર વિરોધ થઈ રહ્યો છે. ભાડાને લઈને મોદી સરકારને આગામી દિવસોમાં પણ નારાજગીનો સામનો કરવો પડે તેવી શક્યતા દેખાઈ રહી છે.

## ઈસરો દ્વારા ૩૦મી જુને પાંચ વિદેશી ઉપગ્રહોને છોડવા તૈયારી

નવી દિલ્હી, તા. ૨૩

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ઈસરોએ આજે કહ્યું હતું કે ભારત વેપારી સમજુતી હેઠળ ૩૦મી જુને પાંચ ઉપગ્રહો લોંચ કરનાર છે. ભારત દ્વારા ફ્રાન્સ, કેનેડા, જર્મની અને સિગાપોરના ઉપગ્રહોને લોંચ કરનાર છે. આની તૈયારી ચાલી રહી છે. ઈસરોએ કહ્યું હતું કે સ્વદેશમાં નિર્મિત પીએસએલવી -સી ૨૩ મારફતે ૭૧૪ કિલોગ્રામના વજનાના ફ્રેન્ચ અર્થ ઓબજર્વેશન સેટેલાઈટ સ્પોટ -૭ને લઈને રવાના થશે. જર્મનીના ૧૪ કિલોગ્રામ વજનના એઆઈએસએટી, કેનેડાના એનએલએસ૭.૧ (કેન એક્સ-૪) અનો બે એનએલએસ ૭.૨ સેટેલાઈટ લોંચ કરવામાં આવશે. તમામનુ વજન ૧૫-૧૫ કિલોનુ રહે તેવી શક્યતા છે. સિંગાપોરના સેટેલાઈટનુ વજન સાત કિલો છે. વિદેશી સંસ્થાઓની સાથે થયેલી



સમજુતીના ભાગરૂપે આ તમામ સેટેલાઈટને લોંચ કરવામાં આવનાર છે. ઈસરોના પ્રવકતા બીઆર ગુરૂપ્રસાદે માહિતી આપતા કહ્યું હતુ કે જરૂરી મંજૂરી મળી ગયા બાદ લોંચ માટે કાઉન્ટ ડાઉન ૨૮મી જુનના દિવસે સવારે ૮.૪૯ મિનિટે શરૂ કરાશે. ઈશરોની સંસ્થા દ્વારા અગાઉ અનેક દેશોના સેટેલાઈટ લોંચ કરવામાં મદદ કરી ચુકી છે. ઈસરો અંતરિક્ષાના ક્ષેત્રમાં મોટી સફળતાની દિશામાં સતત અગ્રેસર છે. ભાજપ સરકારની રચના કરવામાં આવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈસરોના ઈન્ટરનેસનલ લોંચ વેળા ઉપસ્થિત રહેનાર છે. શ્રીહરિકોટા ખાતેથી ૩૦મી જુનના દિવસે સવારે ૯.૪૫ વાગે પીએસએલવી -સી ૨૩ મારફતે આ તમામ સેટેલાઈટ લોંચ કરવામાં આવનાર છે. કાઉન્ટ ડાઉન ૪૯કલાક સુધી ચાલાનાર છે. શ્રીહરિકોટા ખાતે હાલમાં અંતિમ તૈયાર ચાલી રહી છે. ટોચાના સંરક્ષણ વૈજ્ઞાનિકો અને અને લશ્કરી અધિકારી તેમજ ઈસરોના વૈજ્ઞાનિકો આ પ્રસંગે હાજર રહે તેવી શક્યતા છે.

## મહારાષ્ટ્રમાં મુખ્યપ્રધાનને બદલવાની પ્રક્રિયા અટકી

નવી દિલ્હી, તા. ૨૩


લોકસભાની ચુંટણીમાં કારમી હાર થયા બાદ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે પૃથ્વીરાજ ચૌહાણને બદલી દેવાની કોંગ્રેસની હિલચાલ અટવાઈ પડી છે. એનસીપીના નેતા શરદ પવાર સાથે ખેંચતાણ ચાલી રહી છે. સુત્રોનું કહેવું છે કે, એકબાજુ શરદ પવાર ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અને પૂર્વ મુખ્યમંત્રી સુશીલકુમાર શિંદેને મુખ્યમંત્રી બનાવવા ઈચ્છુક છે. બીજી બાજુ કોંગ્રેસ ચૌહાણના બદલે અન્ય મરાઠા નેતા હર્ષવર્ધન પાટીલ, રાધાકૃષ્ણા વીખે પાટીલ અથવા તો બાલા સાહેબ થોરાટમાંથી કોઈ એકને મુખ્યમંત્રી બનાવવા માંગે છે. પરંતુ મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી બદલવાની સમગ્ર પ્રક્રિયા અટવાઈ પડી છે. કારણકે કોંગ્રેસ અને એનસીપી વચ્ચે જોરદાર ખેંચતાણની સ્થિતિ ઉભી થઈ છે. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચુંટણીમાં કોંગ્રેસ અને એનસીપીનો જોરદાર સફાયો થયો હતો. ભાજપ અને શિવસેનાએ શાનદાર જીત મેળવી હતી. મહારાષ્ટ્રમાં ઓક્ટોબર મહીનામાં જ વિધાનસભાની ચુંટણી યોજાનાર છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ અને એનસીપી લોકસભા ચુંટણીમાં કારમી હાર થયા બાદ આવી સ્થિતિ જાળવી રાખવા ઈચ્છુક નથી. નેતૃત્વ પરિવર્તનની માંગ સતત ઉઠી રહી છે.

## રેમો હાલમાં એબીસીડી-૨માં વ્યસ્ત છે

## રેમોની ફિલ્મમાં હવે સ્ટાર અજય દેવગન જોવા મળશે

મુંબઇ, તા. ૨૩

કોરિયોગ્રાફરામાંથી ફિલ્મ નિર્દેશક બનેલા રેમોની નવી ફિલ્મમાં એક્શન સ્ટાર અજય દેવગન નજરે પડશે. અજય દેવગનને લઇને મોટી ફિલ્મ બનાવાવા માટેની તૈયારી કરી લેવામાં આવી છે. રેમો હાલમાં એબીસીડી-૨ ફિલ્મના શુટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં શ્રદ્ધા કપુર અને વરૂણ ધવનની મુખ્ય ભૂમિકા છે. પરંતુ આ ફિલ્મની રજૂઆત પહેલા રેમોએ તેમની આગામી પિલ્મની તૈયારી કરી લીધી છે. જેમાં એક્શન કિંગ અજય દેવગનને લેવામા આવનાર છે. અજય દેવગન હાલમાં રેમોને મળ્યો હતો. તેમની વચ્ચે બે કલાક સુધી ચર્ચા થઇ હતી. તેમની વચ્ચે જુદા જુદા પાસા પર ચર્ચા થઇ હતી. અજય દેવગનને લઇને ફિલ્મનુ શુટિંગ વર્ષ ૨૦૧૫માં શરૂ કરવામાં આવ તેવી શક્યતા છે. અજય ફિલ્મમાં નિર્માતા તરીકે રહેશે. સાથે સાથે રોલ પણ કરશે. અજય અને રેમો વર્ષોથી એકબીજાને સારી રીતે ઓળખે છે. વર્ષ ૨૦૦૯માં અજય દેવગન અને સલમાનની ફિલ્મ લંડન ડ્રીમ માટેના બે ગીત માટે કોરિયોગ્રાફરની ભૂમિકા રેમોએ કરી હતી. જ્યારે તેઓ હાલમાં મળ્યા ત્યારે



તેમની વચ્ચે મિત્રતાને આગળ લઇ જવાની તૈયારી દર્શાવવામાં આવી હતી. સંપર્ક કરવામાં આવતા રેમોએ કહ્યું હતું કે ચોક્કસપણે વાતચીત થઇ છે. નવી ફિલ્મ સાથે મળીને કરવાની યોજના છે. અજય દેવગન હાલ રોહિત શેટ્ટીની સુપરહિટ ફિલ્મ સિંઘમની રીમેક સિંઘમ રીટર્ન્સમાં વ્યસ્ત છે. આ ફિલ્મ ૧૫મી ઓગષ્ટના દિવસે રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. બીજી બાજુ રેમો એબીસીડી-૨માં વ્યસ્ત છે. અન્ય કલાકારો પર મોડેથી નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા છે. અજય દેવગનની મોટા ભાગની ફિલ્મો બોક્સ ઓફિસ પર તાજેતરના સમયમાં ધુમ મચાવી રહી છે. અજય દેવગનને લઇને કેવી ફિલ્મ બનાવાશે તેને લઇને ચર્ચા છે પરંતુ પ્રાપ્ત અહેવાલ મુજબ એક્શન ફિલ્મ બનશે, હાલમાં ટોચના કલાકારો એક્સન ફિલ્મ કરી રહ્યા છે.

## સેન્સેક્સ ૭૪ પોઈન્ટ ઘટીને ૨૫૦૩૧ની સપાટીએ રહ્યો

મુંબઈ, તા. ૨૩

શેરબજારમાં આજે ભારે અફડાતફડી જોવા મળી હતી. ખાંડની આયાત ડ્યુટીમાં તીવ્ર વધારો કરવામાં આવ્યા બાદ તેની સીધી અસર બજાર ઉપર થઈ હતી. કારોબારીઓ દિશાહિન દેખાયા હતા. સેન્સેક્સ આજે કારોબારના અંતે ૭૪ પોઈન્ટ ઘટીને ૨૫૦૩૧ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૮ પોઈન્ટ ઘટીને ૭૪૯૩ની નીચી સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં પણ તેજી જોવા મળી હતી. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૬ ટકા અને ૦.૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. માર્કેટબ્રીડ્થ હકારાત્મક રહી હતી. ૧૫૬૨ શેરમાં તેજી અને ૧૩૮૭ શેરમાં મંદી રહી હતી. જોકે આજે શેરબજારમાં કારોબારમાં નબળાઈ જોવા મળી હતી. એશિયન શેરબજારમાં તેજીનો માહોલ હતો. એકબાજુ જાપાનના નિક્કીમાં ૦.૧૩ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો જ્યારે સ્ટ્રેટ ટાઈમ્સમાં ૦.૦૪, હોંગકોંગના હેંગસેંગમાં ૧.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. સંઘાઈ કમ્પોઝિટમાં ૦.૧૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો. યુરોપીયન બજારમાં પણ ઉથલપાથલ સાથે કારોબારની શરૂઆત થઈ હતી. ફોરેન પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા ૨૨૦.૬૫ કરોડની કિંમતના શેરનું વેચાણ કરી દેવાયું છે. ૨૦ જુન ૨૦૧૪ના દિવસે આટલી કિંમતના શેરનું વેચાણ કરવામાં આવ્યું હતું. નવી સરકારના પ્રથમ બજેટ સત્રના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ ઉત્સુક્તા વધી ગઈ છે. ઓટો, હેલ્થકેર, મેટલ સેક્ટરમાં જોરદાર લેવાલી જામી હતી. આઈટી, એફએમસીજી સેક્ટરમાં ઘટાડો જોવા મળ્યો હતો. ઓએનજીસી, હીરો મોટો, એમએન્ડએમ, ભેલ, સેસા સ્ટરલાઈટ, આઈટીસી, ઈન્ફોસીસ અને એચયુએલમાં ઘટાડો જોવા મળ્યો હતો. ટેકનોલોજીના શેરમાં પણ કડાકો બોલી ગયો હતો. ૦.૫ ટકાથી ૨.૪ ટકા વચ્ચેનો ઘટાડો જોવા મળ્યો હતો. સિપલામાં ૦.૧ ટકાનો ઉછાળો નોંધાયો હતો.

## ટોપ ૫૦ લોન ડિફોલ્ટર સામે પગલા લેવાશે

નવી દિલ્હી, તા. ૨૩

સરકારે દેશના ટોપ ૫૦ લોન ડિફોલ્ટરો સામે કઠોર કાર્યવાહી કરવાની તૈયારી કરી લીધી છે. આના માટે બેંકોને સુચના પણ આપી દેવાઈ છે. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે, સરકારી કંપનીઓ મોટા ડિફોલ્ટરો સામે હળવું વલણ અપનાવે છે જ્યારે રિટેલ ધીરાણ લેનાર લોકો અને એસએમઈને જ હેરાન કરવામાં આવે છે. ટોચના બેંકરોએ માહિતી આપતા કહ્યું છે કે, કેટલીક અગ્રણી જાહેર ક્ષેત્રની બેંકોના વડાઓ સાથે ગયા સપ્તાહમાં ફાઈનાન્સિયલ સર્વિસ સેક્રેટરી જીએસ સંધુએ બેઠક યોજી હતી. જેમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બેંક અને આઈડીબીઆઈ બેંકના વડા ઉપસ્થિત રહ્યા હતા. ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ યુનિયન દ્વારા ૪૦૬ લોન ડિફોલ્ટરોની યાદી જારી કરી છે. આ લોકોની કુલ રકમ ૭૦૦૦૦ કરોડની છે.

## સમાચાર ઝલક

- ચીનમાં ભારે વરસાદથી ૨૬નાં મોત.
- રાંધણગેસમાં સબસીડી હટાવવાની કવાયત શરૂ. રૂ.૧૦નો ભાવવધારો થશે.
- આમ આદમી પાર્ટી દિલ્હી વિધાનસભાની ચૂંટણીની તૈયારી કરવા લાગી.
- ઈરાકમાં સ્થાનિકોએ સ્વ બચાવમાં પેટ્રોલિંગ શરુ કર્યું. ત્રાસવાદીઓના મુકાબલા માટેની તૈયારીઓ કરી.
- પોસ્ટના કર્મચારીઓ તા. ૨૩મી જુલાઈએ દેખાવો-ધરણાં કરશે.
- બીલીમોરામાં પ્રેમિકાએ પ્રેમીના બાળકને નિશાળમાં અપહરણ કરી હત્યા કરી કમકમાટી ભર્યો બનાવ.
- અમેરિકામાં ભારતીય એ ૧૨ અબજનું ક્રેડિટ કાર્ડ કૌભાંડ આચર્યું.
- ઈરાકમાં ભારતીયને માત્ર ૪૦૦ ડોલરમાં વેંચી દેવાયો.
- ભાવનગરના ધારાસભ્યશ્રી વિભાવરીબેને મુખયમંત્રી આનદીબેનના ૭૨કીલો વજન કરતાં ૨૫ ગણી વધુ વજનની નોટબુક કુલ ૧૮૦૦૦ નંગ શાળાઓને પોતાના ખર્ચે વિતરણ કર્યું.
- આગ્રાના ઉધોગપતિઓના ઈરાકમાં કરોડો રૂપિયા ફસાયા.
- સૂરતમાં કેબીસીનું શુટીંગ થશે. અમિતાભ બચ્ચન ત્રણ દિવસ શુટીંગ માટે રહેશે.
- હાઈકોર્ટના ચુકાદા બાદ ઈજનેરી પ્રવેશમાં વધુ વિલંબ થશે.
- ભાજપના પીઢ નેતા મુરલી મનોહર જોષીને રશિયાના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કરાયા.
- રેલવે સ્ટેશનો પર ઓટોમેટીક વેન્ડીંગ મશીન મુકાયા લાઈનમાંથી મુકિત મળશે.
- પૂર્વ અમદાવાદને વાણિજય ઓપ આપવાની તૈયારી.
- વિશ્વામિત્રી મહી સાગરમાં બે મહિનામાં ૭ વ્યકિતઓનો મગરે શિકાર ઝડપ્યો.
- સ્ટાર ઐશ્વર્યા રાય વાસુની આગામી ફિલ્મમાં ચમકશે.